## જન્મદિને વધામણી


મુકેશભાઈ કે પટેલ
પૂર્વ પ્રમુખ, શહેર કોંગ્રેસ
મો. ૯૪૨૬૩ ૦૨૬૮૪


સોમાભાઈ ડી પરમાર
મો. ૯૪૦૮૨ ૨૯૪૪૮


રમણલાલ મંગળદાસ વાળંદ
ફોન : ૨૩૨૩૬૯૭૧


રોશનબેન પરમાર
નગરસેવક, વોર્ડ નં. ૨
ગાંધીનગર મહાનગરપાલિકા


હિમાંશુ એસ જોષી
મો. ૮૯૦૫૧ ૫૪૯૩૩


નિધિ જે ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦


નૈત્રી જે ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦

# ૧૧મા રાષ્ટ્રીય ગણિત સંમેલનમાં શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વિતિય




ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય, પ્રમુખસ્વામી અને એચ ડી પટેલ આર્ટ્સ કૉલેજ, કડી તથા અખિલ ભારતીય રામાનુજ ગણિત ક્લબના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬,૨૭ નવેમ્બરના રોજ સર્વ વિદ્યાલય કેમ્પસ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ગણિત સંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર દેશમાંથી ૧૯ રાજ્યોનાં વિદ્યાર્થીઓએ ગાણિતિક નમૂના રજૂ કર્યા હતા. શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પોતાની કૃતિ બદલ દ્વિતિય વિજેતા સ્થાન આ સંમેલનમાં પ્રાપ્ત થયું હતું.

કૃતિ રજૂ કરનારા વિદ્યાર્થીઓ અને ગણિત વિજ્ઞાનના માર્ગદર્શક શિક્ષકોને શાળાના આચાર્ય નીવાબેન પટેલે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે.




૨૯મી જીત કુને ડો નેશનલ ચેમ્પિયનશીપ ૨૬, ૨૭ નવેમ્બર દરમ્યાન રેલવે કમ્યુનિટી હોલ, રેલવે કોલોની, ઉજ્જૈન ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગુજરાતની ટીમને ૨૦ અને ગાંધીનગરની ટીમને ૬ ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયા છે. ગુજરાતની ટીમે ૧૧ સિલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલ પણ પ્રાપ્ત કર્યા છે. પ્રસ્તુત તસવીરમાં ગાંધીનગરની ટીમના ખેલાડી પિયુષ વાઘેલા (સિનિયર વેઈટ કૅટેગરીમાં પ્રથમ ક્રમાંક વિજેતા) વિજેતા ટ્રોફી સ્વીકારતા દૃશ્યમાન થાય છે.

### સરગમ કલ્ચરલ ગૃપ દ્વારા

# ઠાકોર સમાજનું સ્નેહમિલન ડિસેમ્બરમાં

ગાંધીનગર, તા. ૩૦

સુદર્શન ફાઉન્ડેશન સંચાલિત સરગમ કલ્ચરલ ગૃપ દ્વારા ઠાકોર સમાજના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન આગામી ડિસેમ્બર માસમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે હેતુ વિદ્યાર્થીઓના છેલ્લા વર્ષના પરિણામની નકલ સંસ્થા દ્વારા આપવાનું વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું છે. આ ઉપક્રમે ગીત, સંગીત, નૃત્ય, નાટક વગેરે કલાની વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં સમાજનાં બાળકોને સન્માનિત પણ કરવામાં આવશે. આવાં બાળકોએ પોતાનાં નામ સંસ્થાને નોંધાવી દેવા પણ સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

માર્કશીટની નકલ અને વિદ્યાર્થીઓનાં નામ સંસ્થાના કાર્યાલય, પ્લોટ નં. ૩૮/૧, સેક્ટર-૩ એ, ગાંધીનગર ખાતે રમેશચંદ્ર જે ઠાકોર (મો. ૯૭૨૫૦ ૧૮૬૭૭)ને પહોંચાડવા આ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એસ જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ભજન ગાયન સ્પર્ધા યોજાઈ



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં આજે ભજન સ્પર્ધા યોજાઈ ગઈ. બાળકોમાં આધ્યાત્મિક વિકાસ થાય તેમજ ગાન શૈલી વિકસે તે હેતુથી ધો-૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે હાઉસ પ્રમાણે ભજન સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં દરેક હાઉસના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુંદર રાગમાં અલગ અલગ ભજન રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ નંબર ઓરેંજ હાઉસ, બીજો નંબર યલ્લો હાઉસ અને ત્રીજો નંબર રેડ હાઉસે મેળવ્યો હતો. આચાર્ય મિલિ સિંઘે સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકોને આ સફળ સ્પર્ધાના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના ૬૩ વિદ્યાર્થીઓ ખાતે આવેલ શ્રીજી ઈંડસ્ટ્રીસ તેમજ કોલ્ડ સ્ટોરેજ ની ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના તૃતીય વર્ષના ૬૩ વિદ્યાર્થીઓએ પ્રતિષ્ઠિત શ્રીજી ઈંડસ્ટ્રીની મુલાકાત લીધી હતી.

કંપની તરફ થી પ્રેમજીભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને સમગ્ર પ્લાન્ટ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

પ્લાન્ટમાં ડુંગળી, બટાટાંથી લઈ સફરજન સહીતનાં અનેક ઉત્પાદનો સાચવવાની અલગ અલગ વ્યવસ્થા રાખવા માં આવેલી છે. જેથી ખેડૂતો દ્વારા મહા મહેનતે પકવેલા પાકનો બગાડ ન થાય તેમજ સામાન્ય માણસ સુધી આ તમામ પ્રોડક્ટ્સ વ્યાજબી ભાવે તેમજ સારી ગુણવત્તા સાથે પહોંચી શકે. જેથી દેશની અર્થ વ્યવસ્થા ઉપર તેની ખુબ મોટી અસર પડે તેમજ ફુગાવા જેવા પ્રશ્નો અને તેનાથી મોંઘવારી જેવી સમસ્યાઓ પર કાબુ મેળવવામાં ઉપયોગી સાબિત થાય. આ કારણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી શકે અને સરવાળે ઉત્પાદક તેમજ ગ્રાહક વચ્ચે નો ગેપ ઓછો થાય.

વિદ્યાર્થીઓએ નોંધ્યું કે અહીં કેળાં પકવવા માટે પણ વ્યવસ્થા હતી. જેનો ઉપયોગ કરીને કેમિકલ્સ અને ગેસના ઉપયોગ વગર ફળો પકવવામાં આવે છે. ઉપરાંત, વટાણા, તુવેર, ફ્રેંચ ફ્રાઈસ, બર્ગર વગેરેનાં સ્ટોરેજ માટેની પણ વ્યવસ્થા કોલ્ડ સ્ટોરેજમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. કેલ્શિયમ પાવડર તેમજ એચ.પી. પાવડર બાબતે પણ તેના ઉત્પાદન અને તેમાં ઉપયોગમાં લેવામાં આવતા પદાર્થો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ અહીં ઉપયોગમાં લેવાયેલા પાણી તેમજ અન્ય પદાર્થોમાંથી જે વેસ્ટ ગયું છે. તેને પણ રીસાયકલીંગ થી ઉપયોગ માટેની આખી વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી પ્રદૂષણના પ્રશ્નો પણ હલ થાય તેમજ કુદરતી સ્ત્રોતનો સદ ઉપયોગ થઈ શકે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના તેમજ પ્રો.મેથ્થુ જહોન દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ઈશ્વર પાસે માગો તો
કિસ્મતનું માગજો
બુદ્ધિનું નહીં
કારણ કે
અનેક બુદ્ધિવાળાઓને
મેં કિસ્મતવાળાઓને ત્યાં
કામ કરતાં જોયાં છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર જિંદગી
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ડિયર જિંદગી
૧.૪૫, ૪.૩૦, ૯.૩૦
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ
(અંગ્રેજી, ૩ડી)
૭.૧૫

**સ્ક્રીન-૫**
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦
ફોર્સ-૨
૩.૪૫, ૯.૪૫
સાનસેઈન : ધ લાસ્ટ બ્રિથ
૧૨.૪૫, ૬.૪૫

# એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે નેશનલ એસેસમેન્ટ ટીમ ૮મીએ આવશે

ગાંધીનગર, તા. ૩૦

એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે આગામી તારીખ ૮, ૯ ડિસેમ્બરના રોજ નૅશનલ ઍસેસમૅન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (એનએએસી) પીઅર ટીમ આવી રહી છે.

ટીમ આ બે દિવસ દરમ્યાન કૉલેજના વિવિધ વિભાગોની મુલાકાત લેશે અને કૉલેજ દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી, પ્રવૃત્તિઓનું નિરાક્ષણ કરશે. આ કામગીરીના આધારે કૉલેજને ગ્રેડેશન આપવામાં આવશે એમ કૉલેજ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઊઠો, જાગો, તમારી દિવ્યતાને ઓળખો

આધ્યાત્મિક જ્ઞાનના પ્રસારણના પવિત્ર હેતુ સાથે સ્વામી શ્રી શિવાનંદે ૧૯૩૬માં ડિવાઈન લાઈફ સોસાયટીની સ્થાપના કરી. ધી ડિવાઈન લાઈફ સોસાયટી બધાનો સમાવેશ કરતી વ્યાપક સંસ્થા છે. બધા ધર્મો અને બધા સંતો તથા વિશ્વના પ્રબોધકોના ઉપદેશના સારતત્ત્વ - સત્ય, અહિંસા અને પવિત્રતાના આદર્શોનું તે પાલન કરે છે. આખી દુનિયામાં તેની શાખાઓ છે અને સોસાયટીનું મુખ્ય મથક શિવાનંદ આશ્રમ, શિવાનંદ નગર, હૃષિકેશ, ટેહરી ગહરવાલ, ઉત્તરાખંડ છે.


સ્વામી શિવાનંદ સોસાયટીના મુખ્ય સ્થાપક, દરેકને ઉત્સાહપૂર્વક અથાગપણે દિવ્ય જીવનના રસ્તે લઈ જતા હતા. ૧૯૬૩માં તેમણે મહાસમાધિ લીધા પછી તેમના વારસદાર સ્વામી ચિદાનંદે ૪૫ વર્ષ સુધી સોસાયટીના પ્રમુખ તરીકે સેવા આપી અને આ પવિત્ર મિશન તેમણે ભવ્યતાથી આગળ વધાર્યું.

સ્વામી ચિદાનંદનો જન્મ ૨૪ સાપ્ટેમ્બાર, ૧૯૧૬ના રોજ શ્રીનિવાસ રાવ અને સરોજીની દેવીને ત્યાં મેંગલોરમાં થયો હતો. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રમણ મહર્ષિ, સ્વામી રામદાસ અને સ્વામી શિવાનંદ જેવા સંતોના ઉપદેશો દ્વારા તેમના જીવનમાં તેજસ્વી મહત્ત્વાકાંક્ષા અને આધ્યાત્મિક જીવન પ્રત્યે જાગરૂકતા આવી.

૧૯૪૩માં તેઓ ઘર-સંસાર છોડી સ્વામી શિવાનંદના આશ્રમમાં જોડાવા માટે હૃષિકેશ આવ્યા, જ્યાં રક્તપિત્તના દર્દી, બીમાર વ્યક્તિઓની પ્રેમાળ સેવા કરીને ડૉ. રાઓજીની સ્નેહ પદવી મેળવી. તેમના નિષ્ઠાવાન અને સતત પ્રયાસોને કારણે તેહરી ગહરવાલ જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓને રાહત આપતી વસાહતો ઢાલવાલા, બ્રહ્મપુરી અને લક્ષ્મણ ઝુલા ખાતે તૈયાર કરવામાં આવી. તેમના આ ઉમદા ઉદાહરણથી પ્રેરણા લઈને દિવ્ય જીવન સંઘની શાખાઓએ પણ પોતાના વિસ્તારમાં રક્તપિત્તના દર્દીઓની સેવા શરૂ કરી.

સ્વામી શિવાનંદજીએ ૧૯૪૮માં વેદાન્ત ફોરેન્સિક યુનિવર્સિટીની સ્થાપના કરી, શ્રીધર રાવ તેના વાઈસ ચાન્સેલર અને રાજયોગના અધ્યાપક બન્યા. યુનિવર્સિટી ખાતે યોગના બે મહિનાના મફત વર્ગો વર્ષમાં ત્રણ વખત યોજવામાં આવે છે.

૧૯૫૦માં તેમણે સ્વામી શિવાનંદ ખાતે સમગ્ર ભારતની યાત્રા કરી અને આત્માને જાગૃત કરતા વેદાંત સનાતન ધર્મ ઉપર પ્રવચન કર્યા. ૯ વર્ષ પછી સ્વામી શિવાનંદજીએ પોતાના આધ્યાત્મિક પ્રતિનિધિ તરીકે પશ્ચિમમાં મોકલ્યા. એ પછી ૧૯૬૩માં તેઓ ધી ડિવાઈન લાઈફ સોસાયટીના પ્રમુખ થયા અને ત્યારથી સતત દેશભરમાં યોગ અને વેદાંતનો સંદેશ ફેલાવી રહ્યા છે. પશ્ચિમના દેશોમાં તેમની નામના રક્તપિત્તના દર્દીઓ, પક્ષીઓ અને પશુઓની પ્રેમાળ સેવા કરતા સંત ફ્રાન્સિસ તરીકેની છે.




પોતાના ઊંડા માતૃભૂમિ પ્રેમને વશ સ્વામી ચિદાનંદે ૧૯૯૧માં નૅશનલ કોડ તૈયાર કર્યો હતો, જેમાં તેમણે તમામ ભારતીયોને એક સાચા નાગરિક તરીકે દેશભક્તિ અને સેવા કરીને તેજસ્વી બનવાની અપીલ કરી હતી. ૧૯૯૭ સુધી આ નૅશનલ કોડ ઑફ કંડક્ટની અંગ્રેજી ભાષામાં પાંચ લાખ નકલો છાપવામાં આવી હતી તથા અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનો અનુવાદ કરવામાં આવ્યો હતો.

તેમણે સામાજિક અનિષ્ટોને જડમૂળથી કાઢવા માટે કાર્ય કર્યું હતું. ૧૯૭૨માં તેમણે પ્રખ્યાત પર્યાવરણવાદી સુંદરલાલ બહુગુણા સાથે ૨૧ દિવસ પર્યાવરણના રક્ષણ, દારૂબંધી, યુવાનો અને મહિલાઓના કલ્યાણ માટે, ડુંગરાળ વિસ્તારોમાં રહેતાં ગ્રામજનોની જાગૃતિ માટે બે હજાર કિમીની પદયાત્રા ઉત્તરાખંડમાં કરી. ૧૯૯૧માં તેમણે દિવ્ય જીવન સંઘની સઘળી શાખાઓને ૨૦મી સદીનો છેલ્લો દસકો દિવ્ય દશક તરીકે ઉજવવાની પ્રેરણા આપી.

સ્વામી ચિદાનંદ વિશ્વના ધર્મોના પૂજારી હતી અને દુનિયાના બધા જ ધર્મોને માન આપતા હતા. તેમની સાર્વત્રિક દૃષ્ટિ બધા ધર્મો પ્રત્યે કરૂણાવાળી, એકબીજા સાથે સંવાદ સાધનારી હતી. ૧૯૯૩માં વિશ્વના ધર્મોની શિકાગો ખાતે બોલાવવામાં આવેલી સંસદ માટે હિન્દુ પ્રતિનિધિ મંડળના પ્રમુખ તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી.

સ્વામી સચ્ચિદાનંદ પ્રખ્યાત આધ્યાત્મિક શિક્ષક તરીકે જાણીતા હતા. તેમણે આખી જિંદગી સાધુ તરીકે ગુજારી અને પોતાની જાતને ભગવાન તથા માનવજાતના સેવક તરીકે ઓળખાવી. તેમણે ૨૮ ઑગષ્ટ, ૨૦૦૮ના રોજ સમાધિ લીધી. તેમનાં ઘણાં પુસ્તકો દેશની ઘણી ભાષાઓમાં રૂપાંતરિત થયાં છે ને વિદેશી ભાષાઓમાં પણ તેનાં અનુવાદ થયાં છે. આજે તેમની દિવ્ય વ્યક્તિમત્તા અને પ્રભાવી ઉપદેશો સમગ્ર વિશ્વમાં અસંખ્ય લોકો માટે આશ્વાસન, શાંતિ અને આનંદ માટેનો કાયમી સ્ત્રોત છે. તેઓ કાર્ય કરવા માટે ભેરીનાદ કરે છે, 'તેજસ્વી અમર આત્મા! ઊઠો, જાગો, તમારી દિવ્યતાને ઓળખો. બધા જ આગળ, ઈશ્વર તરફ જાઓ. એ હંમેશાં બધાને પ્રેરણા આપશે.'

- મનોજ મિસ્ત્રી

# બ્રિજ કોર્સથી ફેકલ્ટી બદલવાની વિદ્યાર્થીઓની અરજી અનિર્ણિત

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સરળતાથી એક ફેકલ્ટીમાંથી બીજી ફેકલ્ટીમાં જઈ શકે તે માટે કુલપતિએ ખાસ બ્રિજ કોર્સની વ્યવસ્થા કરી હતી. જેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, કોમર્સનો વિદ્યાર્થી આર્ટસમાં અથવા તો આર્ટસનો વિદ્યાર્થી કોમર્સમાં ઉચ્ચ અભ્યાસ માટે જવા ઈચ્છે તો માત્ર ગણતરીના વિષયોની પરીક્ષા આપીને જઈ શકશે. જેને બ્રિજ કોર્સ એવું નામ આપવામાં આવ્યું હતું. ગુજરાત યુનિ.ના કુલપતિએ કરેલા નિર્ણય બાદ સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલમા પણ આ નિર્ણયને મંજૂરી આપી દેવામાં આવી હતી. યુનિવર્સિટીએ જાહેરાત કરી હોવાથી હાલ અનેક વિદ્યાર્થીઓએ આ રીતે બ્રિજ કોર્સમાં અમુક વિષયોની પરીક્ષા આપવા માટે અરજીઓ કરી છે. સૂત્રો કહે છે અંદાજે ૧૦થી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા વિભાગ સમક્ષ બ્રિજ કોર્સમાં અમુક વિષયો પાસ કરવા માંગણી કરી છે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું મધુરું બાળપણ'